# બાગાયત મહાવિદ્યાલય, આ.કૃ.યુ. આણંદ ખાતે " કિચન ગાર્ડનીંગ" વિષય પર વર્કશોપ

આણંદ કૃષિ યુનિવર્સીટીની બાગાયત મહાવિદ્યાલય, આણંદ ખાતે વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી તથા ભાઇકાકા યુનિવર્સીટીના મહિલા વિકાસ સેલ દ્વારા " કિચન ગાર્ડનીંગ" વિષય પર એક દિવસીય વર્કશોપ યોજવામાં આવ્યો હતો.

આ વર્કશોપ આણંદ કૃષિ યુનિવર્સીટીના કુલપતિશ્રી ડૉ. કે. બી. કથીરિયાના સીધા માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો હતો. વર્કશોપનું ઉદઘાટન ડૉ. એમ. કે. ઝાલા, સંશોધન નિયામકશ્રી દ્વારા કરવામાં આવ્યું હતું તેઓએ કિચન ગાર્ડનીગનું મહત્વ અને આણંદ કૃષિ યુનિવર્સીટીની વિવિધ પ્રવુતિઓની જણાવી હતી તથા વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી ડૉ. એચ. બી. પટેલ દ્વારા પ્રાસંગિક પ્રવચન દરમિયાન આણંદ કૃષિ યુનિવર્સીટી દ્વારા વિકસાવેલ સુશોભિત ભીંડાની જાત અંગે માહિતી આપી હતી. આ પ્રસંગે બાગાયત ખાતાના નાયબ નિયામકશ્રી શ્રીમતી સ્મિતાબેન પીલ્લાઇ પણ ઉપસ્થિત રહેલ તથા બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ વિશે માહિતી આપેલ હતી. વર્કશોપ દરમિયાન કિચન ગાર્ડનીંગને લગતા વિવિધ વિષયો દ્વારા શાકભાજી, ફૂલો, તથા આયુર્વેદિક પાકોની ખેતી અને જાણવણી અંગે પ્રત્યક્ષ રીતે ફિલ્ડ મુલાકાત દ્વારા બાગાયત મહાવિદ્યાલયના અધ્યાપકોએ માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ અને બધા જ લાભાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું. તથા બાગાયત મહાવિદ્યાલય ખાતે તૈયાર કરવામાં આવેલ કિચન ગાર્ડનીંગના મોડેલની મુલાકાત લીધેલ. આ વર્કશોપમાં ભાઈકાકા યુનિવર્સીટીના આશરે ૩૫ મહિલા ડોકટરોએ ભાગ લીધેલ. જે દરેકને યુનિવર્સીટી દ્વારા શાકભાજીના બીજના પેકેટ, ઔષધીય છોડ, શાકભાજીનું ધરૂ અને આણંદ કૃષિ યુનિવર્સીટી દ્વારા બહાર પાડવામાં આવેલ નવીન સુશોભિત ભીંડાની જાત "આણંદ શોભા" ના છોડ તેઓને કિચન ગાર્ડન કરવા પ્રોત્સાહિત કરવા મફતમાં વિતરણ કરવામાં આવ્યું હતું.














Dr. H. B. Pate
Dr. N. I. Shah



